# વડનગરમાં તાના-રીરી સંગીત સમારોહનો પ્રારંભ






## કલા-સાહિત્ય-સંગીત સંસ્કાર વારસો યુગાંતર સુધી જનસહયોગથી સાચવી રાખવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ

વડનગર, તા. ૨૧

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે વારસાને યુગ યુગાંતર સુધી જનસહયોગથી સાચવી રાખવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે બાળપેઢીમાં સંગીત-ચિત્રકલા અને રમત-ગમતની સઘન તાલીમ અને પ્રશિક્ષણથી પ્રતિભાસંપન્ન કલાકારો સમાજજીવનને આપવાની નેમ છે.

તાનારીરી સંગીત મહોત્સવ જેવા મહોત્સવો સાંસ્કૃતિક ઉત્સવો દ્વારા કલાકારો, સંગીતજ્ઞો સાહિત્યકારોનું યથોચિત સન્માન કરવાનો અવસર છે તેમ તેમણે ઉમેર્યું હતું. ઐતિહાસિક નગરી વડનગરના આંગણે શાસ્ત્રીય સંગીતના કલાકોરોનું મુખ્યમંત્રીશ્રીએ અભિવાદન કર્યુ હતું.

સંગીત નાટ્ય અકાદમીના અધ્યક્ષ યોગેશભાઇ ગઢવીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે શાસ્ત્રીય સંગીતનો અનોખો મહોત્સવ ઉજવાઇ રહ્યો છે.

મહોત્સવની શરૂઆત શાસ્ત્રીય ગાયક કાજલ છાયાએ રાગ દેહાગા રાગ ગાઇને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. આ ઉપરાંત શ્રીમતી પીયુ સરખેલ અને તેમના વૃંદે સમુહ ગાયન કર્યુ હતું. જ્યારે શ્રીમતી અમિતા દલાલ, પ્રતિભા દિક્ષિત, વર્ષા ગાંધી, સુશ્રી વિનીતા શુક્લા અને શ્રી પ્રવિણ શિંદેએ સમુહ સિતારવાદન કર્યું હતું. જ્યારે સુશ્રી તર્જની હિરાણી, કાજલ છાયા, નિયતી વ્યાસ, રૂચા તિવારી, વિદુષી શ્રીમતી શ્રુતિ શિરોડકર, શ્રી વિશ્વનાથ અને શ્રી સુધીર યાડીએ શાસ્ત્રીય ગાયન દ્વારા શ્રોતાઓના મન ડોલાવ્યા હતા.

આ પ્રસંગે સાંસદશ્રી જયશ્રીબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે. એલ. પટેલ, ધારાસભ્યો સર્વેશ્રી નારાયણભાઇ પટેલ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના સચિવશ્રી મનીષ ભારદ્વાજ, જયંતીભાઇ બારોટ, અગ્રણી કે. સી. પટેલ સામાજિક અગ્રણીશ્રી સોમાભાઇ મોદી, નગરપાલિકા પૂર્વ પ્રમુખશ્રી સુનિલદત્ત મહેતા, કલેકટરશ્રી લોચન સેહરા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ. કે. લાંગા, અધિક નિવાસી કલેકટરશ્રી રમેશ મેરજા અને કલા પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા અને શાસ્ત્રીય સંગીતના આ ગૌરવપુર્ણ સમારોહને ગરિમા આપી હતી.

# કેલાવા ગામેથી ભેંસોની ચોરીનો પ્રયાસ : ૧૫ હજારનાં બકરાં ચોરાયા

વિજયનગર, તા. ૨૧

વિજયનગર તાલુકાના ખોખરા પટ્ટાના કેલાવા ગામેથી ગત તા.૧૮ નવેમ્બર રાત્રે ડાલુ લઈને આવેલા ચાર ઈસમોએ ઢાળીયામાં બાંધેલ ભેંસો છોડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે મકાન માલિક જાગી જતા ચાર અજાણ્યા શખસો એક વાહનમાં રૂા.૧૫ હજારની કિંમતની ચાર બકરીઓ ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગે વિજયનગર પોલીસ મથકના પી.એસ.ઓ. કાન્તીભાઈ હોથાના જણાવ્યા અનુસાર કેલાવા ગામના નવીનભાઈ જીવાભાઈ અસારી તથા દુબળાજી અસારીએ પોતાના ઢોર-ઢાંખર પોતાના ઘર નજીક ઢાળીયામાં બાંધ્યા હતા.

જયાં ગત તા.૧૮ નવેમ્બરે રાત્રે પીકઅપ ડાલા નં.જીજે.૦૯.ઝેડ.૯૬૦૬ માં આવેલ ચાર અજાણ્યા ઈસમોએ નવીનભાઈ અસારીના ઢાળીયામાં બાંધેલી ભેંસો છોડી ચોરી જવાનો પ્રયાસ કર્યો હતો..

જોકે ભેંસો ભડકી ઉઠતા આ અજાણ્યા ઈસમોએ નવીનભાઈની ત્રણ અને તેમના પડોશી દુબળાજીની એક મળી રૂા.૧૫ હજારની કિંમતની ચાર બકરીઓ ચોરી ગયા હતા. જે અંગે નવીનભાઈએ ગુરૂવારે વિજયનગર પોલીસ મથકમાં પીકઅપ ડાલામાં આવેલા ચાર અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### ધાનેરામાં રીક્ષા ચાલકો બન્યા બેફામ

# રીક્ષાના ચાલકે અકસ્માત સર્જતાં બાળકીનું મોત

## ધાનેરા પોલીસ બેફામ અને દારૂડિયા રીક્ષા ચાલકો ની શાન ઠેકાણે લાવે તેવી લોક માગ

## ૯૦ ટકા રીક્ષા ચાલકો પાસે લાયસન્સ નથી તેમ છતાં દારૂ પીને હંકારે છે રીક્ષા





ધાનેરા, તા. ૨૧

બનાસકાંઠાના ધાનેરામાં રીક્ષા ચાલકો નો ત્રાસ દિવસે ને દિવસે વધવા પામ્યો છે ત્યારે હવે ધાનેરા પોલીસે જાગૃત બને અને રીક્ષા ચાલકો ની શાન ઠેકાણે લાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે રીક્ષા ચાલકો રહેણાંક વિસ્તારો માં જોરથી ટેપ વગાડી બેફામ રીક્ષા હંકારે છે જો કોઈ કહેવા જાય તો તેની સાથે ઝઘડા પણ કરે છે આજે પણ એક રીક્ષા ચાલક ના ડ્રાયવરે બેફામ રીક્ષા હંકારતા અકસ્માત સર્જાયો હતો અને તેમાં એક નાની બાળકી નું મોત નીપજતા ધાનેરા ના લોકોમાં અરેરાટી મચી જવા પામી હતી

બનાસકાંઠા જીલ્લા ના ધાનેરા- નેનાવા ત્રણ રસ્તા પાસે રસ્તા એક રીક્ષા ના ચાલકે ગફલત રીતે રીક્ષા હંકારી રસ્તા ની સાઈડ માં ચાલી રહેલી ભારતીબેન નામની બાળકી ને અડફેટે લેતા બાળકી ગંભીર રીતે ઘાયલ થઈ હતી અને ઘટના સ્થળ પર લોકોના ટોળે-તોલા ઉમટી પડ્યા હતા અને ધાનેરા૧૦૮ ને જાન કરતા ૧૦૮ ના ભરતભાઈ પોતાની ટીમ સાથે તાત્કાલિક ઘટના સ્થળ પર આવી બાળકી ને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડી હતી પણ બાળકી હોસ્પિટલ પહોચે તે પહેલા જ તેનું મોત નીપજતા ધાનેરા માં અરેરાટી મચી જવા પામી હતી અને રીક્ષા ચાલક સામે ફિટકાર વરસાવવા લાગ્યા હતા તો બીજી તરફ અકસ્માત સર્જનાર રીક્ષા ચાલક ત્યાંથી નાશી છૂટે તે પહેલા લોકોએ ઝડપી પડ્યો હતો અને રીક્ષા ચાલક ને ધાનેરા પોલીસ ના હવાલે કર્યો હતો ધાનેરા શહેર માં રીક્ષા ચાલકો બેફામ બની રીક્ષા હંકારી રહ્યા છે ત્યારે જો તેમની પાસે તપાસ કરવામાં આવે તો નથી લાયસન્સ કે નથી રીક્ષાના કાગળો જેથી ધાનેરા ના લોકો કહી રહ્યા છે કે ધાનેરા પોલીસ હવે જાગૃત બને અને જે રીતે ગાડીઓ ના ચાલકો ની શાન ઠેકાણે લાવી તેમ રીક્ષા ચાલકો ની પણ શાન ઠેકાણે લાવે.

# મોડાસા પાલિકામાં ભાજપ કરતાં અપક્ષ ઉમેદવારોની સંખ્યા વધારે

મોડાસા, તા. ૨૧

મોડાસા નગરપાલિકાની ૩૬ બેઠકો માટે ૨૯ ડિસેમ્બરના રોજ ચૂંટણી યોજાનાર છે. માટે પ્રચારનો ધમધમાટ ચાલી રહ્યો છે. જો કે આ વખતે મોડાસા પાલિકાની ચૂંટણીમાં ભાજપ કરતાં અપક્ષના ઉમેદવારોની સંખ્યા વધી ગઈ છે. ભાજપે ૨૭ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે. તેની સામે ૩૧ અપક્ષ ઉમેદવારો આ વખતે પાલિકાની ચૂંટણી લડી રહ્યા છે. તેમાં કોંગ્રેસ અને ભાજપના મળી ૮ પૂર્વ કોર્પોરેટરોએ અપક્ષ ઉમેદવારી નોંધાવતાં ત્રિપાંખીયા જંગ જેવી સ્થિતિ ઉભી થઈ છે.

મોડાસા નગરપાલિકાના ૯ વોર્ડમાં કોંગ્રેસે ૩૬ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા છે. જ્યારે ભાજપના ૨૭ ઉમેદવારો ચૂંટણી જંગના મેદાનમાં છે. પરંતુ આ વખતે નવાઈ ઉપજાવે તેમ અપક્ષમાંથી ૩૧ ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યુ છે. તેમાંય કોંગ્રેસ અને ભાજપમાંથી ટીકીટ ન મળતાં ૮ જેટલા પૂર્વ કોર્પોરેટરોએ પક્ષનો સીમ્બોલ છોડી દઈ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી દીધી છે. જેમાં સૌથી વધુ ૭ અપક્ષ ઉમેદવારો વોર્ડ નં-૮માં ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે વોર્ડ નં-૫માં એક પણ અપક્ષ ઉમેદવારી નોંધાઈ નથી. અપક્ષ ઉમેદવારોમાં પૂર્વ કોર્પોરેટરો હોઈ તેઓ પોતાના વર્ષોના કામ આગળ ધરી મતદારો પાસે મત માગી રહ્યા છે. પાલિકામાં ૩૧ જેટલા અપક્ષ ઉમેદવારોને પગલે કોંગ્રેસ અને ભાજપની પણ ઉંઘ હરામ થઈ ગઈ છે. જો કે પક્ષ સીવાયના અપક્ષ ઉમેદવારોને મતદારો કેટલો સહકાર આપે છે તે તો પરિણામ બાદ જ જાણી શકાશે. પરંતુ બે થી ત્રણ વોર્ડમાં અપક્ષ ઉમેદવારોનું પણ જોર વધારે હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે મોડાસા નગરપાલિકાની સત્તા હાંસલ કરવામાં અપક્ષ ઉમેદવારો હુકમનું પાનુ સાબિત થાય તો નવાઈ નહીં. જે પૂર્વ કોર્પોરેટરો અપક્ષ તરીકે મેદાનમાં ઉતર્યા છે તેમાં ભાજપના પાંચ અને કોંગ્રેસના ત્રણનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય પાંચ પૂર્વ કોર્પોરેટરોએ પણ ચૂંટણી જંગમાં ઝંપલાવી દેતાં રાજકિય ગરમાવો વધી ગયો છે.

ભાજપ કે કોંગ્રેસમાંથી ટીકીટ ન મળતાં નારાજ થઈ પક્ષને બતાવી દેવા કેટલાક આગેવાનોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. પોતાને પક્ષના નામે નહીં પરંતુ વ્યક્તિગત નામથી જ મત મળશે તેવી આશાએ અપક્ષ તરીકે ઝંપલાવી તો દીધુ છે પરંતુ આ અપક્ષ ઉમેદવારો માટે અસ્તિત્વનો સવાલ ઉભો થયો છે. જો જીત થશે તો પોતાનો વટ રહી જશે. પરંતુ હાર થશે તો પક્ષ સામે બાંયો ચઢાવવાનું આકરુ પડશે.

# કેશરપુરમાં માર મારતાં ચાર વિરૂધ્ધ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજ તાલુકાના કેશરપુર ગામે ગત તા.૨૯ ઓકટોમ્બરના રોજ અંગતસિંહ હાલુસિંહ ઝાલા તેમની કાર લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે ગામના જ કંદનસિંહ નારસિંહ ઝાલાએ કાર ઉભી રખાવી કહ્યુ હતું કે તું મારી પત્નિ સાથે કેમ સબંધ રાખે છે તેમ કહી ઉશ્કેરાઈ જઈ લાકડી વડે હુમલો કર્યો હતો. જેમાં રઘુસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા, નીતિનસિંહ દિલીપસિંહ ઝાલા અને અજીતસિંહ દિલીપસિંહ ઝાલાએ પણ તલવાર વડે કારને નુકશાન પહોંચાડયુ હતું. તેથી અંગતસિંહ ઝાલાએ શુક્રવારે ચારેય જણા વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હિંમતનગર તાલુકાના ગાંભોઈ પાસે આવેલ પુનાસણ ગામે રહેતા ડાહ્યાભાઈ સોમાભાઈ પરમારની પુત્રી દિપલકુમારી (ઉ.વ.૨૦) ગત તા.૧૬ નવેમ્બરના રોજ ઘરેથી મામાના ઘરે જવાનું કહી નીકળી હતી. ત્યારબાદ પરત ન આવતા તેણીના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. તેમ છતાં કોઈ પત્તો ન મળતા ડાહ્યાભાઈ પરમારે શુક્રવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

# પોશીનામાં જીવંત વીજ વાયર સાથે આઈશરનો અકસ્માત

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પોશીના ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં શુક્રવારે તલોદ તાલુકાના રણાસણ ખાતે આવેલ એક ખાનગી હોસ્પિટલની ટીમ દ્વારા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. દરમિયાન આઈશર સાથે આવેલી આ ટીમ અચાનક આરોગ્ય કેન્દ્ર ઉપરથી પસાર થતા જીવંત વીજ વાયર સાથે સ્પર્શ થઈ જતા મોટો ધડાકો થયો હતો. જોકે અહીં ઉપસ્થિત વાયરમેનની સજાગતાના કારણે તેમણે તરત જ નજીકમાં આવેલ વીજ ટ્રાન્સફર્મરમાંથી વીજ પુરવઠો બંધ કરી દેતા જાનહાનિ ટળી હતી.

આ અંગેની વિગત એવી છે કે શુક્રવારે પોશીના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં રોગ નિદાન કેમ્પનું આયોજન તલોદ તાલુકાના રણાસણ ખાતે આવેલ અંજલિ હોસ્પિટલ દ્વારા કરવામાં આવ્યુ હતું. જેને લઈને હોસ્પિટલની ટીમ આઈશર નં.જીજે.૯.ઝેડ.૧૯૩૧ માં બેસી પાંચ જણા આવ્યા હતા.

દરમિયાન તેઓ પોશીના સામુહિક આરોગ્ય કેન્દ્રના પ્રવેશદ્વાર પર પહોંચ્યા ત્યારે અચાનક દરવાજા ઉપરથી પસાર થતી જીવંત વીજ વાયરનો તાર આઈશર સાથે સ્પર્શ થઈ જતા મોટો ધડાકો થયો હતો. જોકે આ જ વખતે અહીં ઉપસ્થિત વાયરમેન અરવિંદભાઈ શંકરભાઈ પરમારે સજાગતા દાખવીને તરત જ નજીકમાં આવેલ વીજ ટ્રાન્સફર્મરમાંથી વીજ પુરવઠો બંધ કરી દીધો હતો. જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

## અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર-વિજાપુર રોડ પર આવેલ આર.ટી.ઓ. ચોકડી પરથી ગુરૂવારે મોડી રાત્રે અંદાજે ૪૦ વર્ષના એક અજાણ્યા યુવાનની લાશ મળી આવી હતી. હિંમતનગર ગ્રામ્ય પોલીસે તેના વાલી-વારસોની શોધખોળ હાથ ધરી છે.

# અરવલ્લી-સાબરકાંઠામાં ધીમે પગલે ઠંડીની શરૂઆત



મોડાસા, તા. ૨૧

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં શુક્રવાર વહેલી પરોઢે કોલ્ડવેવની અસર હેઠળ લોકો ઠૂંઠવાયા હતા. નવેમ્બરના ઉત્તરાર્ધમાં બન્ને જિલ્લાઓમાં શિયાળાની ઋતુનું ધીમા પગલે આગમન થઈ ચૂક્યું છે. બન્ને જિલ્લાના તાપમાનમાં ૧૭ ડિગ્રીની આસપાસ રહેતા સાંજે સૂર્યાસ્ત પછી અને વહેલી સવારે પ્રજાજનોએ ઠંડીનો અહેસાસ પ્રજાજનો અનુભવી રહ્યા છે. જ્યારે બપોરે તાપમાનના પારામાં ૫ થી ૮ ટકાનો ઉછાળો આવતા પ્રજાજનો ગરમી અનુભવી રહ્યા છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચોમાસાની વિદાય ક્યારે થઈ અને ઉનાળો શરૂ થયો તેવી સ્થિતિમાં એકાએક ઠંડી છેલ્લા સપ્તાહથી અનુભવાઈ રહી છે. પાછલા ૩ દિવસથી વહેલી પરોઢે કોલ્ડવેવ હાવિ થતા શરીર સાચવનારા અનેક લોકોએ સવારથી ગરમ વસ્ત્રો, મફલર, ટોપી ધારણ કરેલા જોવા મળી રહ્યા છે. બન્ને જિલ્લાના તાપમાનમાં દિવસ દરમ્યાન ઉછાળો અને રાત્રે લઘુત્તમ તાપમાન ઘટવા લાગતા મિશ્ર ઋતુને લઈને માંદગીનું પ્રમાણ અને વાઈરલ ઈન્ફેકશન સાથે દમ, અસ્થમા જેવી બિમારીઓનું પ્રમાણ ચૂંટણી દરમ્યાન વધવાની દહેશત સેવાઈ રહી છે. જિલ્લાના ખેતરો નજીક અને ગામડાઓમાં રહેતા પ્રજાજનો વર્તમાન મોસમનો ભારે ઠંડીનો ચમકારો અનુભવી રહ્યા છે.

અત્યારના આધુનિક યુગમનાં દરેક ચિજવસ્તુઓ ગમે ત્યારે બજારોમાં ઉપલબ્ધ થઈ રહી છે. પરંતુ ખાણી-પીણીમાં મનમુકીને મોજ લેવાની મજા એટલે ફક્ત શિયાળાની ઋતુને જ યોગ્ય ગણવામાં આવે છે. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર સહિતના અન્ય શહેરોના ફૂટપાથ પર ઠેર ઠેર ગરમ કપડા, સ્વેટર, જેકેટ, ટોપી જેવા વિવિધ ગરમ પોષાકો લઈને બેસતા ઢગલાના વહેપારીઓ નજરે પડી રહ્યા છે. મોડાસા શહેરના પ્રજાજનો તેમજ આજુબાજુના ગામડાના લોકો ઢગલા પરથી ગરમ કપડાની ખરીદી કરવા ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

# મોડાસામાં શિયાળા સાથે સંતરા-મોસંબીનું આગમન



અરવલ્લી જિલ્લાના મોડાસા શહેર અને સમગ્ર જિલ્લાના મુખ્ય માર્ગો અને ફ્રૂટ માર્કેટમાં શિયાળાના પ્રારંભે આરોગ્ય માટે ગુણકારી અને વિટામીન સી થી ભરપુર સંતરા અને મોસંબી બજારમાં જોવા મળી રહ્યા છે. આરોગ્યની દ્રષ્ટિએ અને રોગ પ્રતિકારક શક્તિમાં અનેક ગણો વધારો કરતા સંતરા અને મોસંબીના જ્યુસની મજા માણવા નગરજનોનો ઉત્સાહપૂર્વક ખરીદી કરી રહ્યા છે. ફ્રૂટ માર્કેટના વેપારી યાસીનભાઈના જણાવ્યા અનુસાર મહારાષ્ટ્રના નાગપુરથી ખરીદી કરીને લાવવામાં આવતા સંતરામાં મીઠાશ વધારે હોવાથી પ્રજાજનોમાં નાગપુરી સંતરા અને મોસંબીની માંગ વધારે પ્રમાણમાં જોવા મળી રહી છે.

## હિંમતનગરમાં બાઈક ચોરાતા ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૧

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ માણેકૃપા સ્કૂલ સામેના રોડ પરથી ગત તા.૫ નવેમ્બરના રોજ અજાણ્યા શખ્સો બાઈક નં.જીજે.૦૯.એસી.૪૦૪૬ ની અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે મુકતારખાન નજરખાન પઠાણે તપાસ કરવા છતાં બાઈકનો પત્તો ન મળતા તેમણે ગુરૂવારે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ટચૂકડી જાહેર ખબર

Required

Required field Sales Executive for IT Company, experience or Fresher with Marketing Skills, Capable for Genrat Lead for Education Field.

Email : resume@ICS-Global.in

M. 7575 8022 57